# શિક્ષક: સામાજિક સુધારક તરીકે

ડૉ. વિમળા આર. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ, વિસનગર

## ૧. પ્રસ્તાવના

શિક્ષકની ભૂમિકા આજકાલ વિશેષ પડકારરૂપ બનતી જાય છે. પરિવર્તનશીલતાના પ્રવાહમાં તણાતો આજનો સમાજ પરંપરાગત વ્યવસાય, , જીવનશૈલી અને માન્યતાઓને પકડી રાખવા માંગતો નથી. પરિણામે શાળામાં કામ કરતા શિક્ષકોનું કાર્ય વિશિષ્ટ પ્રકારનું થઈ પડે છે. સામાજિક પરિવર્તનના કાર્યકર તરીકે શિક્ષકે સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રકારની ભૂમિકા અદા કરવી પડશે. સમાજમાં તમામ ક્ષેત્રોની ઉપયોગિતાના ક્રમમાં શિક્ષણ અગ્રસ્થાને છે. કારણે કે, 'શિક્ષણ એ માનવપ્રતિભાના સંર્વદેશીય વિકાસની પ્રક્રિયા છે.'

શિક્ષકોની સમાજમાં વિશેષ જવાબદારી છે, માટે જડ શિક્ષકોએ ભૂતકાળનું જે ઉત્તમ છે તેને સાચવીને પળે-પળે બદલાતા નવા જ્ઞાનને મેળવી એક સારું સર્જન કરવાનો ધ્યેય રાખવો પડશે. એકવીસમી સદીનો શિક્ષક દેશના ભવિષ્યનું સારું સર્જન ત્યારે જ કરી શકશે જયારે તે નવા જ્ઞાનને વિકસાવતો રહેશે.

'જ્ઞાન દાતા', 'જ્ઞાતા', 'સારસ્વત' જેવા વિશેષણોથી સન્માન પામતો શિક્ષક સમાજનો આધારસ્તંભ જ નહીં, શિક્ષણ અને સંસ્કાર વારસાનો રખેવાળ પણ છે. સમાજને શિક્ષક પાસે ખૂબ બહોળા પ્રમાણમાં અપેક્ષાઓ હોય છે, ત્યારે શિક્ષકે પણ સમાજમાં નિરક્ષરતા નિવારણ, અંધશ્રદ્ધા નિવારણ, વહેમો, કુરિવાજો, ખોટી રૂઢિઓ અટકાવવામાં યથાશક્તિ યોગદાન આપી સમાજની અપેક્ષાઓ સંતોષવા માટે પ્રયત્ન કરવો જ પડશે.

'The Teacher is an agent of Social Change' શિક્ષક જ સામાજિક પરિવર્તનનો દૂત છે. શિક્ષક જ સમાજ અને શાળાની કડીરૂપ વ્યક્તિ છે. તે વિદ્યાર્થીઓના જ્ઞાન, સંસ્કાર, સુટેવો કૌશલ્યો અને હકારાત્મક અભિગમ દ્વારા જગતને જોઈ વિદ્યાર્થીઓના વિચારોને યોગ્ય ઘાટ આપી રાષ્ટ્રને યોગ્ય નાગરિક તૈયાર કરી આપે છે. ત્યારે મૂલ્યોલક્ષી પાઠ શીખવવાની અપેક્ષાએ બે- બાલ-પુષ્પોને શિક્ષકે તેમનામાં રાષ્ટ્રીય ભાવના કેળવાય, તેમનામાં રાષ્ટ્રનિષ્ઠા પેદા થાય તેવા પ્રયત્નો કરવા જ પડશે.

## ૨. સામાજિક પરિવર્તનમાં શિક્ષકની ભૂમિકા

સમય-કાળ અને યુગના પરિવર્તનો સાથે શિક્ષકની ભૂમિકા અંગે પણ અપેક્ષાઓ બદલાતી રહી છે. આજે જ્યારે શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું અમોઘ સાધન અને અસરકારક શસ્ત્ર ગણાયું છે, ત્યારે શિક્ષણ આપનાર શિક્ષક એ સામાજિક પરિવર્તનનો દૂત બને એ સ્વાભાવિક છે. તેમજ શિક્ષકને પરિવર્તનનો શિલ્પી, ભાવિ ઘડવૈયો, નૂતન સમાજનો નિર્માણ કરનાર કહ્યો છે. ફ્રેકલિન કહે છે, 'શિક્ષકનો વ્યવસાય સર્વ વ્યવસાયોની તુલનામાં સર્જનાત્મક વ્યવસાય છે. આમ શિક્ષકની આવી પ્રતિષ્ઠા અને ગૌરવ હોય તો તેણે સામાજિક ભૂમિકા અદા કરવી જોઈએ.'

- શિક્ષકે શાળામાં અનેક કાર્યક્રમો / પ્રવૃત્તિઓ દ્વારા સમાજ સુધી પહોંચી દરેક કાર્યક્રમમાં સમાજની સામેલગીરી અનિવાર્ય બનાવી બાળકો, ગામ, સમાજ, આસપાસના પર્યાવરણને સમજી દરેક કાર્યક્રમનું આયોજન કરવું.
- સમાજની અર્થપૂર્ણ ભાગીદારીથી શાળામાં ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક ઉપકરણો, આવાસ- નિવાસ વ્યવસ્થા અને જરૂરી કાર્યક્રમો, ઉત્સવોની ઉજવણીનું ખર્ચ મળે છે, ત્યારે શિક્ષકે શાળામાં માત્ર ૧૧ થી ૫ વાગ્યા સુધી જ કામ કરવું એટલું પૂરતું નથી, તે સિવાય પણ શિક્ષકની કામગીરીનું ક્ષેત્ર વિસ્તરેલું હોવું જરૂરી છે.
- સમાજમાં વ્યાપેલ બિનઉપયોગી રૂઢિઓ, વહેમ, અંધશ્રદ્ધા અને સંકુચિત ખ્યાલોમાંથી પ્રવર્તમાન સમાજને બહાર લાંવવા વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ વિકસાવી પ્રયત્નો કરવા પડશે.
- સ્થાનિક કક્ષાએ એટલે નોકરી સાથે ગામની જરૂરિયાત પ્રમાણે સ્વાચ્છતા, ગ્રામ-સફાઈ, નિરક્ષરતા નિવારણ, પ્રૌઢશિક્ષણ કે સ્ત્રી સુધારણા જેવા કાર્યક્રમોમાં શિક્ષકની સામેલગીરી સમાજ આવકારે છે.
- શાળા કક્ષાએ પોતે દેશના એક શિક્ષિત નાગરિક તરીકે સમગ્ર કાર્યક્રમો બાળકો સમક્ષ રાષ્ટ્રીય એકતાના સંદર્ભમાં પ્રયોજવા.
- સમાજમાં સંપ, સહકાર, સહિષ્ણુતા, સહ-અસ્તિત્વ વગેરે જેવા સામજિક મૂલ્યો વિકસાવવા.
- શિક્ષકનો વ્યવસાય અને સંચાલન જિલ્લા અને રાજય કક્ષાએથી થાય છે. શિક્ષકે સવેતન દેશને લગતાં જરૂરી કાર્યમાં મદદરૂપ થવા પ્રયત્નશીલ બનવું.
- તાલુકા કક્ષાએ જરૂરી સેમીનાર (રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો  કરી સમાજને મદદરૂપ બનવા શિક્ષકે પ્રયત્નશીલ બનવું પડશે.

શિક્ષક માત્ર શાળામાં જ કામ કરશે તેટલું અત્યારના સમયમાં પૂરતું નથી. પરંતુ અનેકવિધ કાર્યક્રમો દ્વારા શિક્ષક પાસેથી સમાજને સ્થાનિક તાલુકા અને રાજય તેમજ રાષ્ટ્ર કક્ષાએ અપેક્ષાઓ હોય છે. તે પૂરી પાડવી જોઈએ. દા.ત. દેશના નિરક્ષરતા નિવારણ કાર્યક્રમમાં શિક્ષકની ભૂમિકા પ્રસ્તુત વિષય સંદર્ભે તમે પાંચ નિરક્ષરોને સાંકાર બનાવ્યા, સુરતથી સોમનાથ સુધી ચાલતી 'બેટી બચાવો' યાત્રાના અભિયાનમાં ઝંપલાવ્યું, તે રાષ્ટ્રીય કાર્યક્રમો ગણાવી શકાય.

### ૩. સામાજિક પરિવર્તનના સાધન તરીકે શિક્ષણની મર્યાદાઓ

શિક્ષણ સામાજિક પરિવર્તનનું અગત્યનું અંગ છે, છતાં તેનાં અવરોધક પરિબળોમાં નીચેની બાબતો જોવા મળે છે.

૧. શિક્ષણમાં પ્રવર્તતું રાજકારણ અને શોષણવૃત્તિ સમાજ પરિવર્તનને અવરોધે છે.
૨. શિક્ષણ અને સમાજ વચ્ચે ઘનિષ્ટ સંબંધ હોવો જોઈએ તેવું નથી. શાળાના કાર્યક્રમોમાં સમાજની ઉદાસીનતા જોવા મળે છે.
૩. આપણા અભ્યાસક્રમો સમાજની જરૂરિયાતો પર આધારિત અને પરિવર્તનશીલ નથી. શૈક્ષણિક કાર્યક્રમો માત્ર પરિણામલક્ષી બની ગયા છે.
૪. શાળા અને શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ધીમી છે.
૫. ભારત દેશમાં જ્યાં નિરક્ષરતાનું પ્રમાણ મોટું હોય તેમજ સરકારશ્રી દ્વારા 'સાક્ષરતા- દીપ' અભિયાન જેવા કાર્યક્રમમાં પણ સાક્ષર બનવામાં રસ ન હોય ત્યાં સામાજિક પરિવર્તન કેટલું શક્ય છે ?

### ૪. સમાજ પ્રત્યે શિક્ષકની પ્રતિબદ્ધતા

શિક્ષકો વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે સ્થાનિક સમાજ માટે જવાબદાર છે. તેઓએ સમાજની વફાદારી પૂર્વક સેવા કરવી જોઈએ અને સામાજિક પરિવર્તનના કાર્યકર તરીકેની ભૂમિકા ભજવવી જોઈએ. ભૂતકાળમાં શિક્ષણનો હક જેમને પ્રાપ્ત થયો નથી તેવા સમાજના વર્ગો પ્રત્યે ખાસ ધ્યાન આપવું જરૂરી છે. સાથોસાથ સમાજના નબળા અને વંચિતચિત

વર્ગના વાલીઓનાં બાળકોની પણ વિશિષ્ટ કાળજી લેવી જરૂરી છે. આ માટે શાળામાં ભરતી થઈ શકે તેવી ઉંમરના બધાં જ બાળકોને પ્રાથમિક શાળામાં અથવા અવૈધિક શિક્ષણના વર્ગોમાં દાખલ કરાવવાં તથા પ્રૌઢોને પ્રૌઢશિક્ષણ વર્ગમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ.

શિક્ષક દેશનો ઘડવૈયો ગણાય છે. ત્યારે સમાજના સર્વાંગ વિકાસ માટે તથા સામાજિક પરિવર્તન માટે શિક્ષકે સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વિકસાવવી જરૂરી છે. આથી શિક્ષકે સ્થાનિક સમાજને સમજવા શાળા અને સમાજ સંબંધી વિવિધ પ્રવૃત્તિઓમાં સ્વેચ્છાએ સહભાગી બનવું પડશે.

### ૫. ઉપસંહાર

આમ, સામાજિક પરિવર્તનની દ્રષ્ટિએ શિક્ષકની કામગીરીનો વિચાર કરીએ તો તેનું કાર્ય શાળા કે વર્ગખંડ પૂરતું મર્યાદિત ન હોઈ શકે. તેણે સામાજિક, આર્થિક, ભૌગોલિક તેમજ સામાજિક  પ્રવૃત્તિઓનું આયોજન કરી તેમાં ઉત્સાહથી ભાગ લેવો અત્યંત આવશ્યક છે. આ માટે શિક્ષકોએ શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કરવાનું જરૂરી કૌશલ્ય પણ કેળવવું જોઈએ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એમના પ્રવચનમાં કહેતા કે, “રાષ્ટ્રના વિકાસમાં શિક્ષકોની ભૂમિકા ઘણી મહત્વની છે. કારણ કે નાગરિકત્વ તેમજ વહીવટની વધતી જતી જવાબદારી ઉપાડી શકે તેવી નવી પેઢીનો આધાર તેમના પર છે.” આમ, શિક્ષકે રાષ્ટ્ર પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરવી જ પડશે.

### સંદર્ભસૂચિ

૧. દેસાઈ, કે. જી., શાહ, જે. એમ. અને શાહ, આર. પી. (૧૯૮૪). શૈક્ષણિક  પરિભાષા અને વિભાવના, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૨. ગુજરાતી જોડણીકોશ, અમદાવાદ : નવજીવન પ્રકાશન.

૩. બેટાઈ, રમેશ સુંદરજી., (૧૯૭૩). ભારતની પ્રાચીન સામાજિક સંસ્થાઓ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.